GJAH221097012018

| | | | |
|---|---|---|---|
| કેસ આવ્યા તારીખ | ૨૦૧૮ | ૧૧ | ૧૨ |
| કેસ દાખલ તારીખ | ૨૦૧૮ | ૧૧ | ૧૨ |
| કેસ ફેસલ તારીખ | ૨૦૨૬ | ૦૨ | ૨૮ |
| સમયગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૭** | **૦૩** | **૧૬** |

**અમદાવાદના મહે.૨૩માં, એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ એ.પી.ડેરશ્રીની**
**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ સમક્ષ (કોર્ટ નં.૨૭)**
**ક્રિમીનલ કેસ નં.૯૯૭૪૪/૨૦૧૮**
**આંક-૨૫**

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | **:-** | **કેપીટલ ફર્સ્ટ લિ. ના ઓથોરાઈઝડ ઓફિસર**<br>**શ્રી વિક્રમસિંહ ઝાલા,**<br>**શ્રી ઈમરાનઅહેમદ ઝમીલઅહેમદ શેખ (નવા ઓથોરાઈઝડ ઓફિસર)**<br>ઓફિસ-બીજો માળ, શાંતિ એનેક્ષ,<br>બી.ડી.પટેલ હાઉસની સામે, નારણપુરા, અમદાવાદ |
| **ફરિયાદપક્ષ તરફે** | **:-** | વિ.વ.શ્રી.એ.કે.દેસાઈ |
| | | **વિરૂધ્ધ** |
| **આરોપી** | **:-** | **રજનીકાંત ડી.પરમાર,**<br>ઠે.બાલનાથ ચોક, મોરકનાડા રોડ, કાલવાડ ગેટ બહાર,<br>જામનગર, ગુજરાત-૩૬૧૦૦૧ |
| **આરોપીપક્ષ તરફે** | **:-** | વિ.વ.શ્રી. જી.એમ.શ્રીધર |
| **ગુનો** | **:-** | **ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ-૧૩૮**<br>**મુજબની ફરિયાદ** |

ફરિયાદ તારીખ :- ૧૨/૧૧/૨૦૧૮

પ્લી નોંધ્યાની તારીખ :- ૨૦/૦૨/૨૦૨૦

Judgement

| | | |
|---|---|---|
| પુરાવા શરૂ કર્યા તારીખ | :- | ૧૨/૦૩/૨૦૨૦ |
| ચુકાદા પર લેવા તારીખ | :- | ૦૯/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :- | ૨૮/૦૨/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :- | ૨૮/૦૨/૨૦૨૬ |

**:: આરોપીની વિગતો ::**

| | |
|---|---|
| આરોપીનું નામ | રજનીકાંત ડી.પરમાર, |
| ધરપકડની તારીખ | - |
| જામીન મુકત કર્યાની તારીખ | - |
| આક્ષેપાયેલ ગુનાની વિગત | ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ |
| શું નિર્દોષ છોડયા / સજા કરી | આરોપીને તકસીરવાન ઠરાવેલ છે |
| આપવામાં આવેલ સજા | ૬ માસ (છ માસ) |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહીના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો | - |

**મૌખિક પુરાવા :-**

**(એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો:-**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફ.સા.૧ | કેપીટલ ફર્સ્ટ લિ. ના ઓથોરાઈઝડ ઓફિસર શ્રી ઈમરાનઅહેમદ ઝમીલઅહેમદ શેખની સરતપાસની એફીડેવીટ | ફરિયાદી | ૦૮ |

**(બી) આરોપીપક્ષ તરફે મૌખિક પુરાવો:-**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**(સી) કોર્ટના સાક્ષીઓ, જો હોય તો:-**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

દસ્તાવેજી પુરાવા :–

(એ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૧ | નવા ફરિયાદીના ઓથોરીટી લેટરની પ્રમાણિત નકલ |
| ૨ | ૧૨ | તા.૧૮/૧૨/૨૦૧૮ ના રોજના ઠરાવની નકલ |
| ૩ | ૧૩ | ફરિયાદી કંપનીનું નામ બદલ્યા અંગેના સર્ટીફિકેટ ઓફ ઈનકોર્પોરેશનની પ્રમાણિત નકલ |
| ૪ | ૧૪ | ઓથોરીટી લેટરની પ્રમાણિત નકલ |
| ૫ | ૧૫ | તહોમતદારે ફરિયાદીને આપેલ અસલ ચેક નં.૦૨૧૫૨૭ |
| ૬ | ૧૬ | ચેક નં.૦૨૧૫૨૭ નો રીટર્ન મેમો |
| ૭ | ૧૭ | ફરિયાદીનું ખાતું મેન્ટેન/સંચાલિત થતા હોવાનો એસ.ડી.એફ.સી.બેંક દ્વારા આપવામાં આવેલ પત્રની નકલ |
| ૮ | ૧૮ | નોટીસની ઓફિસ કોપી |
| ૯ | ૧૯ | તહોમતદારને નોટીસ રજી.એડી.કર્યા અંગેની પાવતી |
| ૧૦ | ૨૦ | તહોમતદારને નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ |

(બી) આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો:–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે આંક આપેલ દસ્તાવેજી પુરાવો:–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

(ડી) સામગ્રીની વસ્તુઓ:–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

---

## –: ચુકાદો :–

---

(૧) આ કામના ફરિયાદી ધ્વારા આ કામના આરોપીઓ સામે ફરિયાદ રજુ કરતા મારા વિ. પુરોગામી મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ધ્વારા તા.૧૨/૧૧/૨૦૧૮ ના રોજ આંક–૧ લગત હુકમ કરી આ કામના આરોપીઓ સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ –૧૩૮ હેઠળના ગુનાને સંજ્ઞાન લેવામાં આવેલ છે.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી આઈ.ડી.એફ.સી.બેંક લિ. છે અને ફરિયાદી બેંક તરફથી આપવામાં આવેલ અધિકારપત્રની રૂઈએ ફરિયાદી બેંક વતી તેના ઓથોરાઈઝડ પર્સન શ્રી વિક્રમસિંહ ઝાલાનાએ હાલની ફરિયાદ દાખલ કરેલી છે. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, આરોપીએ ફરિયાદી બેંક પાસે BIL લોનની માંગણી કરેલ, જે વિનંતીને ધ્યાનમાં લઈને ફરિયાદીએ જુદી–જુદી શરતો અને નિયમો વાળો કરાર નં.૧૦૭૬૪૬૪૨ કરી તહોમતદારની લોન મંજુર કરી તહોમતદારને નાણાંકીય ધીરાણ પુરું પાડવામાં આવેલ. જે ઉપરોકત ધીરાણની રકમ લોન એગ્રીમેન્ટ મુજબ પરત ચૂકવવાની કાયદેસરની જવાબદારી તહોમતદારની થતી હતી. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, તહોમતદારે લીધેલ ઉપરોકત લોનની ચુકવણી સારું તહોમતદારે ફરિયાદી કંપનીના નામનો રૂા.૭૦,૬૦૮/– (અંકે રૂપિયા સિત્તેર હજાર છસો આઠ પુરા) નો એ.એલ.બી અલ્લાહબાદ બેંક લિ., જામનગર કાકા કોર્નર શાખા, જામનગરનો ચેક નં.૦૨૧૫૨૭ નો સહી કરી ફરિયાદીને બેંકમાં જમા કરાવતાં સ્વીકારાઈ જશે તેવી ખાતરી અને ભરોસા સાથે આપેલ.

(૧.૨) ફરિયાદીએ ફરિયાદમાં વધુમાં જણાવેલ છે કે, સદર ચેક નં.૦૨૧૫૨૭ નો આરોપીની સૂચના મુજબ આ કામના ફરિયાદીએ પોતાનું ખાતું ધરાવતી એચ.ડી.એફ.સી. બેંક લિ., આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કલીયરીંગ માટે જમા કરાવતાં મજકુર ચેક, તા.૦૪/૦૯/૨૦૧૮ ના રોજ ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરાથી સ્વીકાર્યા વગર પરત થયેલ, જેથી ફરિયાદીએ પોતાના વિ.વકીલશ્રી મારફતે તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજ કાયદાનુસારની ચેક રીટર્ન થયાની જાણ કરતી નોટીસ આપેલ, જે નોટીસ આરોપીના સરનામેથી તા.૦૫/૧૦/૨૦૧૮ ના રોજ બજી ગયેલ છે. આમ, ફરિયાદીએ સમય–

મર્યાદામાં આરોપીને નોટીસ મોકલી આપેલ છે અને તેમ છતાં આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નહીં. જેથી, ફરિયાદીએ નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે હાલની ફરિયાદ દાખલ કરેલ છે. વધુમાં, સદરહું કેસનું રેકર્ડ વંચાણે લેતાં સદરહું કેસની ચાલુ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આંક–૦૭ થી અત્રેની અદાલત સમક્ષ ફરિયાદી કંપનીનું નામ બદલવા અંગેની અરજી રજુ થતાં, અત્રેની અદાલત ધ્વારા ફરિયાદીની અરજી મંજુર કરવામાં આવેલ છે અને સદરહું કેસની કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**કેસની ઈન્સાફી કાર્યવાહી :–**

(૨) સદર કામે મારા પુરોગામી વિધ્વાન એડી.ચીફ.મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓએ આરોપી વિરૂધ્ધ ગુનાનું સંજ્ઞાન લીધા બાદ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ અને આરોપીને સમન્સની બજવણી થતાં, સદર અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને ફરિયાદના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબ આરોપીની પ્લી તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ નોંધવામાં આવતાં, સબબ આરોપીએ આક્ષેપયુકત ગુનાનો ઈનકાર કરતાં, આરોપી નં.૧ વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી ધ્વારા હાલના કેસની ટ્રાયલ સમન્સ ટ્રાયેબલ અનુસાર ચલાવવાનો હુકમ કરેલ છે અને સમન્સ ટ્રાયેબલ કેસ અનુસાર આરોપીની પ્લી નોંધેલ છે. રજુ થયેલ મૌખિક પુરાવા સંપૂર્ણપણે સમન્સ ટ્રાયેબલ કેસ અનુસાર નોંધવામાં આવેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા મહેસાણા નાગરીક સહકારી બેંક લી. વિરુધ્ધ શ્રીજી કેબ કો. અને અધર્સ કેસમાં આપેલ ચુકાદો કે જે 2013 (0) AIJEL SC 54770 ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે કેસના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત અનુસાર ટ્રાયલમાં પુરાવો સમન્સ ટ્રાયેબલ મુજબ સંપૂર્ણ નોંધવામાં આવેલ હોય તો ટ્રાયલ જે સ્ટેજથી પેન્ડીંગ હોય તે સ્ટેજથી ટ્રાયલ આગળ ચલાવી શકાય છે. આમ, સદર ફરિયાદનું કામ ફોજદારી કાર્યવાહી ધારામાં સમન્સ ટ્રાયેબલ કેસ અંગે જે પ્રબંધો કરવામાં આવેલ છે તે મુજબ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફે આંક–૨૨ થી રેકર્ડ ઉપર પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૨૩ થી આરોપીનું વિશેષ નિવેદનનો હકક બંધ કરવાની અરજી રજુ થયેલ, જે અરજી લગત અત્રેની અદાલત ધ્વારા વિગતવાર હુકમ કરી આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લેવામાં આવેલ છે તથા પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી સદર લેખિત દલીલના તમામ કથનો પૂર્ણત: ફરી લખવામાં આવેલ નથી. આ ચુકાદામાં હવે પછી સુસંગત પ્રસંગે સદર દલીલોના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવેલ છે.

(૬) ફરિયાદપક્ષે આંક–૨૪ થી આરોપીનો દલીલનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં, જે અરજી લગત અત્રેની અદાલત ધ્વારા વિગતવાર કરેલ હુકમ અનુસાર આરોપીપક્ષનો દલીલો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) ફરિયાદીની ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાના પરિપ્રેક્ષ્યમાં સદર કેસનો ન્યાયીક અંત આણવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: : મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદી પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ સમગ્રરીતે અથવા અંશત: કોઈપણ કાયદેસર દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે આરોપી પોતે નિભાવતા હોય તે બેંક ખાતાનો તકરારી ચેક ફરીયાદીને આપેલ જે ચેક ફરીયાદીએ તેમના ખાતામાં જમા કરાવતા સદર ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે પરત થયેલ છે ?

(૨) શું ફરીયાદી પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ચેક પરત થતાં ફરીયાદીએ આરોપીને નેગોશીયેબલ એકટની જોગવાઈઓ મુજબ માંગણાની નોટીસ આપેલ જે નોટીસ બજી જવા છતા આરોપીએ તકરારી ચેક અન્વયેની રકમ ફરીયાદીને ચુકવી નહીં આપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો આચરેલ

છે ?

(૩) શું હુકમ?

(૭.૧) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં.

મુદ્દા નં.૨ :– હકારમાં.

મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.

**// નિર્ણય માટેના કારણો //**

**મુદ્દા નં.૧, ૨, ૩ ની સંયુકત ચર્ચા:–**

(૮) આ કામના આરોપી વિરૂઘ્ધ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના** ગુનાનો આરોપ મુકવામાં આવેલ હોય સદર કાનુની જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી બને છે.

૧. *કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.*

૨. *ચેક લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણાં ભંડોળના અભાવે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.*

૩. *ચેક લખ્યા તારીખથી ત્રણ માસની સમય મર્યાદામાં કલીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.*

૪. *ચેકનો અનાદર થયા બાદ બેંક તરફથી માહીતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.*

૫. *નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.*

૬. *દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.*

ઉપરોકત તમામ તત્વો સાબીત કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી

શકાય.

(૮.૧) ***ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ ના પ્રબંધો ઘ્યાને લેવામાં આવે તો,:–***

*''વટાઉખત વિશે માની લેવાની બાબત છે એટલે કે જો વિરૂઘ્ઘનું સાબીત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજ માટે કરી આપ્યું હતું અથવા લખી આપ્યું હતું કે સ્વીકારવામાં આવ્યું હતું તથા તેના ઉપર તારીખ હોય તેવા દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું તે અંગે કોર્ટ અનુમાન કરી શકશે તથા સ્વીકારાયેલું વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.*

(૮.૨) ***ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૯ ના પ્રબંધો ઘ્યાને લઈએ તો,***

*'' વિરૂઘ્ઘની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ઘારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ ના દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.''*

(૯) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ઘ્યાને લેવો જરૂરી બને છે. નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા Rajesh Jain Versus Ajay Singhના કેસમાં આપવામાં આપેલ ચુકાદો કે જે 2023 (0) AIJEL-SC 72588 ઉપર પ્રસિઘ્ઘ થયેલ છે તે કેસના ચુકાદામાં ઠરાવેલ છે કે,

35. Section 139 of the NI Act, which takes the form of a shall presume clause is illustrative of a presumption of law. Because Section 139 requires that the Court shall presume the fact stated therein, it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established.

But this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary as is clear from the use of the phrase unless the contrary is proved.

36. The Court will necessarily presume that the cheque had been issued

towards discharge of a legally enforceable debt/liability in two circumstances. Firstly, when the drawer of the cheque admits issuance/execution of the cheque and secondly, in the event where the complainant proves that cheque was issued/executed in his favour by the drawer. The circumstances set out above form the fact(s) which bring about the activation of the presumptive clause. [Bharat Barrel Vs. Amin Chand] [(1999) 3 SCC 35]

37. Recently, this Court has gone to the extent of holding that presumption takes effect even in a situation where the accused contends that 'a blank cheque leaf was voluntarily signed and handed over by him to the complainant. [ Bir Singh v. Mukesh Kumar, (2019) 4 SCC 197 ]. Therefore, mere admission of the drawer's signature, without admitting the execution of the entire contents in the cheque, is now sufficient to trigger the presumption.

38. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a cheque, was issued by the accused for discharge of debt, the presumptive device under Section 139 of the Act helps shifting the burden on the accused. The effect of the presumption, in that sense, is to transfer the evidential burden on the accused of proving that the cheque was not received by the Bank towards the discharge of any liability. Until this evidential burden is discharged by the accused, the presumed fact will have to be taken to be true, without expecting the complainant to do anything further.

39. John Henry Wigmore [7] on Evidence states as follows:

"The peculiar effect of the presumption of law is merely to invoke a rule of law compelling the Jury to reach the conclusion in the absence of evidence to the contrary from the opponent but if the opponent does offer evidence to the contrary (sufficient to satisfy the Judge's requirement of some evidence), the presumption 'disappears as a rule of law and the case is in the Jury's hands free from any rule."

[7] Rules of Evidence- The Hidden Origin of Modern Law

40. The standard of proof to discharge this evidential burden is not as

heavy as that usually seen in situations where the prosecution is required to prove the guilt of an accused. The accused is not expected to prove the non-existence of the presumed fact beyond reasonable doubt. The accused must meet the standard of preponderance of probabilities, similar to a defendant in a civil proceeding. [ Rangappa vs. Mohan (AIR 2010 SC 1898 ]

41. In order to rebut the presumption and prove to the contrary, it is open to the accused to raise a probable defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. The words until the contrary is proved occurring in Section 139 do not mean that accused must necessarily prove the negative that the instrument is not issued in discharge of any debt/liability but the accused has the option to ask the Court to consider the non-existence of debt/liability so probable that a prudent man ought, under the circumstances of the case, to act upon the supposition that debt/liability did not exist. [Basalingappa Vs. Mudibasappa (AIR 2019 SC 1983 See also Kumar Exports Vs. Sharma Carpets (2009) 2 SCC 513 ]

42. In other words, the accused is left with two options. The first option-of proving that the debt/liability does not exist-is to lead defence evidence and conclusively establish with certainty that the cheque was not issued in discharge of a debt/liability. The second option is to prove the non-existence of debt/liability by a preponderance of probabilities by referring to the particular circumstances of the case. The preponderance of probability in favour of the accused's case may be even fifty one to forty nine and arising out of the entire circumstances of the case, which includes: the complainant's version in the original complaint, the case in the legal/demand notice, complainant's case at the trial, as also the plea of the accused in the reply notice, his 313 statement or at the trial as to the circumstances under which the promissory note/cheque was executed. All of them can raise a preponderance of probabilities justifying a finding that there was no debt/liability. [Kumar Exports and Sharma Carpets, (2009) 2 SCC 513]

43. The nature of evidence required to shift the evidential burden need not necessarily be direct evidence i.e., oral or documentary evidence or admissions made by the opposite party; it may comprise circumstantial evidence or presumption of law or fact.

44. The accused may adduce direct evidence to prove that the instrument was not issued in discharge of a debt/liability and, if he adduces acceptable evidence, the burden again shifts to the complainant. At the same time, the accused may also rely upon circumstantial evidence and, if the circumstances so relied upon are compelling the burden may likewise shift to the complainant. It is open for him to also rely upon presumptions of fact, for instance those mentioned in Section 114 and other sections of the Evidence Act. The burden of proof may shift by presumptions of law or fact. In Kundanlal's case- (supra) when the creditor had failed to produce his account books, this Court raised a presumption of fact under Section 114, that the evidence, if produced would have shown the non-existence of consideration. Though, in that case, this Court was dealing with the presumptive clause in Section 118 NI Act, since the nature of the presumptive clauses in Section 118 and 139 is the same, the analogy can be extended and applied in the context of Section 139 as well.

45. Therefore, in fine, it can be said that once the accused adduces evidence to the satisfaction of the Court that on a preponderance of probabilities there exists no debt/liability in the manner pleaded in the complaint or the demand notice or the affidavit-evidence, the burden shifts to the complainant and the presumption 'disappears' and does not haunt the accused any longer. The onus having now shifted to the complainant, he will be obliged to prove the existence of a debt/liability as a matter of fact and his failure to prove would result in dismissal of his complaint case. Thereafter, the presumption under Section 139 does not again come to the complainant's rescue. Once both parties have adduced evidence, the Court has to consider the same and the burden of proof loses all its importance. [ Basalingappa vs. Mudibasappa, AIR 2019 SC 1983 ; See also, Rangappa vs. Sri Mohan (2010) 11 SCC 441 ]

(૯.૧) હવે, નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, એ હકીકત સ્પષ્ટ છે કે જો ફરિયાદી વાદગ્રસ્ત ચેકનું એકઝીકયુશન પુરવાર કરે અથવા તો આરોપી તેનો સ્વીકાર કરે તો, ફરિયાદીની તરફેણમાં અધિનિયમની કલમો–૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો ઉપસ્થિત થશે અને સદર અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે જશે. આ કામે રજુ થયેલ ઉપરોકત ચુકાદો અને કાયદામાં લાગુ પડતી પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ? અથવા તેવો બચાવ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ધ્યાને લેવું પડે. જોકે આ અનુમાનો નિર્ણાયક પુરાવો નથી પરંતુ તેવા અનુમાનો યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાથી ખંડન કરી શકાય. વધુમાં સદર કાયદાકીય અનુમાનોનું ખંડન કરવા આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ એવો કાયદાનો કોઈ નિયમ નથી, પરંતુ સંભવિતતા પ્રાબલ્ય (પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલીટી) થકી તેમજ ફરિયાદીનાં ઉલટતપાસ તેમજ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી અનુમાનોનું ખંડન કરી શકે છે. નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા બીરસિંહ વિ. મુકેશકુમાર (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૧૯૭ ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, ફરિયાદવાળા ચેકમાં બોડી રાઈટીંગ કર્યાના ઈન્કાર સાથે ફરિયાદવાળા ચેકમાં સહીનો સ્વીકાર કરવામાં આવે તો પણ સદર કાયદાની અધિનિયમની કલમ–૧૩૯ મુજબના અનુમાન લાગુ કરી શકાય છે. નામદાર મદ્રાસ હાઈકોર્ટ પી.એચ.એ. થોમથરન વિરુધ્ધ દાલમીંયા સિમેન્ટ લી., ૨૦૦૫ (૧) ડી.સી.આર.પાન નં.૮૫ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ચેકમાં બોડી રાઈટીંગ ચેક લખનારે જ લખવાના છે તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી, પરંતુ ધારણ કરનારના ચેકમાં સહી જ મહત્વની છે. નામદાર કેરાલા હાઈકોર્ટ લીલી પાડુટી વિરુધ્ધ લોરેન્સ, ૨૦૦૩ (૨) ડી.સી.આર. પાન નં. ૬૧૦ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે જો ચેક લખનારે સહી કરી કોરો ચેક આપેલ હોય તો નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૨૦ મુજબ ચેક ધારણ કરનારે ચેકમાં વિગત ભરવાની સત્તા આપેલ છે તેમ કહી શકાય.

(૧૦) સૌપ્રથમ કેસનું રકેર્ડ ધ્યાને લેતાં, આ કામે ફરિયાદી ધ્વારા આંક–૧૫ થી અસલ ચેક રજુ કરેલ છે. જે ચેકમાં આરોપી ''રજનીકાંત ડી. પરમાર'' ની સહી હોવાનું ફરિયાદી સાહેદ નં.૧ નાઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે, જે હકીકતનું આરોપીપક્ષે ઉલટતપાસ કરી ખંડન કરવામાં આવેલ નથી. વધુમાં આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહી સદર ચેકમાં તેઓએ સહી કરેલ નથી તેવો કોઈ બચાવ લીધેલ નથી. જેથી વાદગ્રસ્ત ચેકમાં આરોપી ''રજનીકાંત ડી. પરમાર'' નાઓની સહી હોવાનું સાબિત થયેલ છે. હવે,આંક–૧૫ થી રજુ થયેલ ચેક લક્ષે લેતાં સદર ચેક ફરિયાદી બેંકની તરફેણમાં લખવામાં આવેલ છે. ફરિયાદપક્ષે આંક–૧૪ થી ઓથોરીટી લેટરની નકલ રજુ કરેલ છે. સદર દસ્તાવેજ વંચાણે લેતાં ફરિયાદ દાખલ કરનાર ''શ્રી વિક્રમસિંહ ઝાલા'' ફરિયાદી બેંકના ઓથોરાઈઝડ પર્સન હોવાનું જણાય છે. ફરિયાદ દાખલ કરનાર ફરિયાદી બેંકના ઓથોરાઈઝડ પર્સન ન હોય તેવી કોઈ તકરાર કે બચાવ આરોપી પક્ષે લેવામાં આવેલ નથી. જેથી ફરિયાદ વિધીસર દાખલ થયેલાનું જણાય છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો તથા પુરાવા લક્ષે લેતાં, વાદગ્રસ્ત ચેકનું આરોપી ધ્વારા એકઝીકયુશન કરેલ હોય અને ફરિયાદી બેંકમાં એકઝીકયુશન કરેલ હોવાનું ફરિયાદપક્ષ દર્શાવવામાં સફળ થયેલ હોય ધી એન.આઈ.એકટ કલમ–૧૧૮ તથા ૧૩૯ હેઠળના અનુમાનો ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે.

(૧૦.૧) હવે આંક–૧૬ થી રજુ થયેલ અસલ રીટર્ન મેમો વંચાણે લેતા સદર વાદગ્રસ્ત ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ છે. હવે ધી એન.આઈ. એકટ કલમ –૧૪૬ અન્વયે બેંકના અસલ રીટર્ન મેમોને આંક આપી પુરાવામાં ગ્રાહય રાખવાપાત્ર બને છે. સદર વાદગ્રસ્ત ચેકમાં આરોપીએ સહી કરેલ નથી તેવો કોઈ બચાવ આરોપી પક્ષે લેવામાં આવેલ નથી. સદર વાદગ્રસ્ત ચેક આરોપીના બેંક ખાતાનો ન હોય અને આરોપીના બેંક ખાતામાં સદર ચેક જમા થયેલ તે તારીખે વાદગ્રસ્ત ચેક અનુસાર ચુકવણી થઈ શકે તેટલી પુરતી રકમ હોય તેવો પણ કોઈ પુરાવો આરોપીપક્ષે રજુ થયેલ નથી.

(૧૦.૨) નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા Laxmi Dyechem Versus State Of Gujaratના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2012 (0) AIJEL-SC 52370 પર પ્રસિધ્ધ થયેલ

છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, held, the reason for dishonour of cheque insufficiency of funds is genus and other reasons like "stop- payment" "account closed" "refer to drawer" are only species - therefore, non-matching of signature constitutes dishonour of cheque as per S. 138 of the Act, 1881.

(૧૦.૩) આમ, ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત લક્ષે લેતાં જો ચેકનો અનાદર ફંડ ઈન્સફીસીયન્ટ સિવાય અન્ય કારણોસર થયેલ હોય તો પણ ધી એન.આઈ. એકટ કલમ–૧૩૮ ના હેઠળ ગુનો બને છે. જે તારીખે ચેક બેંકમાં વટાવવા જમા થયેલ હોય તે તારીખે આરોપીના બેંક ખાતામાં સદર ચેકમાં જણાવેલ રકમનું ચુકવણું થઈ શકે તેટલું પુરતું બેલેન્સ હોવાનું પુરવાર કરવાનો ભાર આરોપીના શીરે જ રહે છે. હાલના કેસમાં આરોપીપક્ષે કોઈ જ પુરાવો રજુ થયેલ નથી. જેથી ચેકની તારીખે આરોપીના ખાતામાં ચેકની રકમનું ચુકવણું થઈ શકે તેટલી પુરતી રકમ હોવાનું સાબિત થયેલ નથી. આમ, વાદગ્રસ્ત ચેકનું એકઝીકયુશન પુરવાર થયેલ હોય અને ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતાં ધી એન.આઈ.એકટ કલમ–૧૧૮ તથા ૧૩૯ હેઠળાના અનુમાનો ફરિયાદીની તરફેણમાં કરવાના હોય છે.

(૧૧) આ કામે મુલ્યાંકન કરતાં પહેલાં સૌપ્રથમ કેસનું રેકર્ડ ધ્યાને લેવામા આવે તો, આરોપી ''રજનીકાંત ડી પરમાર'' નાઓની પ્લી તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ નોંધવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સતત ગેરહાજર રહેતાં ફરિયાદપક્ષે આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવાની અરજીઓ રજુ થયેલ છે, જે અત્રેની અદાલત ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી કોર્ટમાં સતત ગેરહાજર રહેલ છે જેથી ફરિયાદી ધ્વારા આંક–૨૧ થી ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી રજુ થયેલ છે જે અરજી લગત અત્રેની અદાલત ધ્વારા તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ વિગતવાર હુકમ કરી, આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી પોતાના વિશેષ નિવેદન નોંધવાના સમયે પણ ગેરહાજર રહેલ છે, જેથી ફરિયાદી તરફે આંક–૨૩ થી આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં અત્રેની અદાલત ધ્વારા વિગતવાર હુકમ કરી, આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદી ધ્વારા

મૌખિક દલીલો થયેલ છે અને આરોપી તરફે કોઈ દલીલ રજુ ન થતાં ફરિયાદી તરફે આંક–૨૪ થી આરોપીનો દલીલોનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં, અત્રેની અદાલત ધ્વારા વિગતવાર હુકમ કરી આરોપીનો દલીલ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૧.૧) આ કામે ફરિયાદ હકીકત વંચાણે લેવામાં આવે તો, તહોમતદારે આ કામના ફરિયાદી પાસેથી લોન મેળવેલ અને તે લોનની ચુકવણી બદલ આ કામના તહોમતદારે ફરિયાદીને વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનું જણાઈ આવે છે અને જે રકમની ચૂકવણી પેટે આરોપીએ ફરિયાદીને આંક–૧૫ વાળો ચેક ફરિયાદીને સહી કરીને આપેલ હોવાનું ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં આ તકરારી ચેક આરોપીનો નથી કે તેમાં આરોપીની સહી નથી તેવો આરોપીનો કોઈ બચાવ રેકર્ડ ઉપર આવેલ નથી કે પુરવાર કરેલ નથી. આ ચેકમાં સહી આરોપીની નથી તેવો આરોપીનો કોઈ બચાવ નથી કે આ સહી બનાવટી છે, ખોટી છે તે અંગે કોઈ કાર્યવાહી રેકર્ડ ઉપર આરોપીપક્ષે કરાવી હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મંગાવેલ હોય તેવું પણ રેકર્ડ ઉપરથી જણાઈ આવતું નથી. ફરિયાદીએ જણાવ્યા મુજબની લોનની રકમ આરોપીને મળેલ ન હોય કે આરોપીએ ફરિયાદી પાસેથી મેળવેલ લોનની રકમ રકમ ફરિયાદી બેંકને ચુકવી આપેલ હોય તેવો કોઈ બચાવ આરોપીપક્ષે લેવામાં આવેલ નથી.

(૧૧.૨) વધુમાં આ કામે આરોપીએ આંક–૧૫ વાળા તકરારી ચેકની રકમ અગાઉ ફરિયાદીને ચુકવી આપેલ હોય તેવું કોઈ લખાણ કે પહોંચ પણ રેકર્ડ ઉપર રજુ કરી પોતાનો બચાવ સાબિત કરી શકેલ નથી. આરોપીએ ફરિયાદપક્ષે રજુ પુરાવામાં ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો હોય છે, પરંતુ તકરારી ચેક સંબંધે આરોપી કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી. વધુમાં જો તકરારી ચેક ડરાવી, ધમકાવી આરોપી પાસે લખાવી લેવામાં આવેલ હોય તો તે પુરવાર કરવા માટે તેઓએ ફરિયાદી વિરૂધ્ધ કોઈ પોલીસ કાર્યવાહી કે કાનૂની કાર્યવાહી કરેલ હોય તે લગત પણ કોઈ પુરાવો બચાવના સમથર્નમાં રજુ કરી પુરવાર કરી શકેલ નથી. વધુમાં જ્યારે તકરારી ચેકમાં આરોપીની સહી છે અને તેવુ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે તેથી એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ ના અનુમાનોનું ખંડન

કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે, પરંતુ આરોપીએ કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરી ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરી શકેલ નથી તેવુ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવતુ હોય, આ કામે ફરિયાદપક્ષ તેમનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ હોવાનું માનવાને કારણ રહે છે. આ કામે આરોપીને પૂરતી અને વ્યાજબી તક આપવા છતાં ફરિયાદીની ઉલટ તપાસ કરી પોતાનો બચાવ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ***મનોજ વાસુદેવ સોમપુરા વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો R/SCR.A/6721/2023*** માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં નામ ગુજ. હાઈકોર્ટ ધ્વારા પેરા નં.૧૪ માં નીચે મુજબ ઠરાવેલ છે.

*"Para no. 14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited."*

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત સાથે પ્રસ્તુત કેસનાં ચુકાદાની હકીકત ધ્યાને લેવામાં આવે તો, સદર કેસ વર્ષ–૨૦૧૮ માં દાખલ થયેલ છે. આરોપીએ આજદિન સુધી તકરારી ચેક સંદર્ભે કોઈ રકમ ચુકવેલ હોય તેવો પુરાવો પુરતી તક આપેલ હોવા છતાં રજુ નથી જેથી અત્રે એ બાબત સ્પષ્ટ છે કે, ફરિયાદીએ વર્ષ–૨૦૧૮ થી આરોપી સામે તેઓનું કાયદેસરનું લેણું મેળવવા અરજ કરેલ છે. વધુમાં ઉપરોકત ચુકાદામાં જણાવ્યા અનુસાર આરોપી જાણીજોઈને કોર્ટમાં ફરિયાદીની ઉલટતપાસ માટે અને પોતાના વિશેષ નિવેદન નોંધવા સારું ગેરહાજર રહેલ છે. જેથી, ફરિયાદપક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની વિરુધ્ધની હકીકતો આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી કોઈ ખંડનાત્મક

પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને પ્રસ્તુત કેસ બાબતે આરોપી માહિતગાર હોવાનું જણાઇ આવે છે તેમ છતાં પણ આરોપી ધ્વારા અત્રેની અદાલત સમક્ષ હાજર રહીને પ્રસ્તુત કેસને પડકારેલ નથી, જેથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોવાનું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૨) હવે, ઉપરોકત કલમ-૧૩૮ નો ગુન્હો પુરવાર કરવા માટે જરૂરી અન્ય તત્વો જેવા કે, - ચેક સમય મર્યાદામાં વટાવવા માટે જમા કરાવેલ છે કે નહીં, ચેક રીટર્ન થયા બાદ ફરિયાદીએ આરોપીને કાયદાકીય નોટીસ નિયત સમય મર્યાદામાં આપેલ છે કે નહીં અને આરોપીએ કાયદાકીય સમય મર્યાદામાં નાણાં નહી ભરતાં હાલની ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે કે નહીં તે સંદર્ભે ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેવો જરૂરી છે. અત્રે એ નોંધવુ જરૂરી છે કે, આ બાબતે ફરિયાદીનો કેસ મહદંશે પડકારવામાં આવેલ નથી અને કેસમાં રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આ સંદર્ભે ફરિયાદીનો કેસ નિર્વિવાદિત છે.

(૧૩) આ કેસમાં વિવાદિત ચેકની તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજની છે. ફરિયાદીનુ એવું કહેવું છે કે સદર ચેક નં.૦૨૧૫૨૭ રૂ.૭૦,૬૦૮/- નો એચ.ડી.એફ.સી.બેંક લિ., આશ્રમ રોડ, અમદાવાદ, ખાતે જમા કરાવતાં ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે વગર સ્વીકાર્યે પરત આવેલ, જે પરત આવ્યાની જાણ ફરિયાદીને તા.૦૪/૦૯/૨૦૧૮ ના રોજ થયેલી. ફરિયાદીએ આ જ હકીકત તેમના સોગંદનામાના પુરાવામાં અને ફરિયાદમાં જણાવેલ તેમજ વાદગ્રસ્ત ચેક આંક-૧૫ થી રજુ કરેલ છે અને જે હકીકતમાં બચાવપક્ષ ધ્વારા કોઈપણ જાતનું ખંડન કરવામાં આવેલ નથી. આમ, આ સંદર્ભે સમગ્ર પુરાવો જોવામાં આવે તો ચેક તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજનો છે અને જે તા.૦૪/૦૯/૨૦૧૮ ના રોજ રીર્ટન થયેલ છે જે રીટર્ન મેમો આ કામે આંક-૧૬ થી રજુ છે. જેથી, અધિનિયમની કલમ-૧૪૬ વંચાણે લેવામાં આવે તો સદર દસ્તાવેજ પુરાવામાં સીધો જ ગ્રાહ્ય રાખવા બને છે અને સદર દસ્તાવેજની યથાર્થતા પણ આરોપી ધ્વારા પડકારવામાં આવેલ નથી. પરિણામે,આંક-૧૬ વાળો રીર્ટન મેમો નહિ માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી. ફરિયાદીએ એવું પણ જણાવેલ છે કે, ચેક રીર્ટનની જાણ થતાં તેઓએ તા.૦૧/૧૦/૧૮ ના રોજ આરોપીના સરનામે કાયદેસરની વિધ્વાન વકીલશ્રી મારફતે નોટીસ આપેલી અને જે આંક-૧૮ થી રજુ

થયેલ છે અને નોટીસ મોકલ્યા બાબતની પાવતી પણ આંક–૧૯ થી કોર્ટના રેકર્ડમાં રજૂ કરેલ છે તેમજ નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ આંક–૨૦ થી રજુ કરેલ છે. આ દસ્તાવેજોને આરોપી ધ્વારા ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી. જેથી, આ તમામ દસ્તાવેજો નહિ માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી અને આ તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો ફરિયાદીના કેસને સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થાય છે.

(૧૪) આમ, ઉપરોકત તારણો ધ્યાને લેતાં ફરિયાદીએ વિવાદીત ચેક તેમના નિયત ખાતામાં સમય મર્યાદામાં જમાં કરાવેલ હતો અને તે અંગે ફરિયાદીએ નોટીસ પણ ચેક રીર્ટન થયાના દિન–૩૦ માં આપેલ છે અને જે આરોપીના સરનામે બજી ગયેલ છે. આ નોટીસ બજી ગયાના દિન–૧૫ સુધી આરોપીએ નાણાં નહીં ચૂકવતાં, ફરિયાદી હાલની ફરિયાદ તા.૧૨/૧૧/૨૦૧૮ ના રોજ દાખલ કરેલ છે, જે પણ નિયત સમયમર્યાદામાં દાખલ થયેલ છે. આમ, ફરિયાદીએ તમામ કાર્યવાહી સમયમર્યાદામાં કરેલ છે તે પુરવાર થાય છે.

(૧૫) આમ, ઉપરોકત હકીકતો, પુરાવાની સમગ્ર ચર્ચા, તારણો તેમજ અધિનિયમની કલમ–૧૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં, અત્રેની અદાલતનું સ્પષ્ટપણે એવું માનવું છે કે, આરોપીઓ વિરૂધ્ધ કલમ–૧૩૮ ના ગુનાના તમામ તત્વો પુરવાર થાય છે. ફરિયાદપક્ષે **મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨** ની હકીકત આરોપી વિરૂધ્ધ પુરવાર કરેલ છે. જેથી આ કામે **મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨** નો નિર્ણય "**હકારમાં**" આપી અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૮/૦૨/૨૦૨૬

(અશ્વિનકુમાર પરબતભાઈ ડેર)
૨૩માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(શહેર), જી.જે.૦૦૯૯૯, ને.ઈ.એ.,કોર્ટ નં.૨૭

**સજા અંગે હુકમ :–**

(૧૬) હાલના કામે ફરિયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. ફરિયાદીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

ફરિયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

(૧૭) ફરિયાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈ પણ ભોગે મોટી રકમ મેળવવા કે માલસામાન ખરીદતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી ઘણી વાર કોરા ચેકો આપતા હોવાના કિસ્સા વધી રહેલ છે. રકમ કે માલસામાન મેળવ્યા બાદ તે રકમ અથવા માલસામાનનું મૂલ્ય પરત કરતા નથી અને નાણાં ન ચૂકવવા પડે તે માટે કાયદાનું ખોટુ અર્થઘટન કરી, તેનો દુરપયોગ કરતાં રહે છે. રકમ પરત કરતા નથી અને ચેકો વગર સ્વીકાર્યે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિન–પ્રતિદિન વધી રહયા છે, જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનું છે. આ કામે આરોપીએ ફરિયાદી સાથે લોન પેટેનો નાણાંકીય વ્યવહાર થયેલ તે અંગેની ફરિયાદીની લેણી રકમ પરત ચુકવવા તેમની સહીવાળો ચેક ફરિયાદીને આપેલ છે, જે ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરાથી વગર સ્વીકારાયે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી. લાંબો સમય કેસ ચાલતાં દરમ્યાન પણ લોન પેટે લીધેલ નાણાં પરત કરવા કોઈ રકમ પરત કરેલ નથી. કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણૂંક લક્ષમાં રાખતાં, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે,

લોકોનો બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય તેમ છે.

(૧૮) હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યકિત છે. લોન પેટે લીધેલ રકમ પેટેના વ્યવહારની કાયદેસરની લેણી રકમ સામે ચેક આપવાની ગંભીરતાનો તેમને ખ્યાલ હોવો જોઈએ. ખોટા બચાવ લઈ સમય ખેંચ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન પણ આરોપી તરફે ફરિયાદીને ચેકની રકમ ચૂકવવામાં આવેલ નથી. ખાતામાં બેલેન્સ ન હોવા છતાં ખોટો ચેક આપેલાનું જણાય છે. આમ, આરોપીની દાનત, રકમ ફરિયાદીને પરત નહીં આપવાની જણાય છે. આરોપીની વર્તણૂંક લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

> **[138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, ***be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:***

ફરિયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીચા**વાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો, પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમાં, **નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી.નલીન કહાન વિરૂધ્ધ એમ.મેશન, ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩** નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચિત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા **આંક–૧૫** વાળો ચેક આપેલ હોવાની ફલિત થતી હકીકત ઘ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯, આર.સી.મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ઘ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯(૨) ની જોગવાઈ ઘ્યાને લઈને આ અદાલત **મુદ્દા નં.૩** અન્વયે નીચે મુજબનો **''આખરી હુકમ''** કરે છે.

**-: <u>આખરી હુકમ</u> :-**

(૧) આરોપી : **રજનીકાંત ડી.પરમાર,** હે.બાલનાથ ચોક, મોરકનાડા રોડ, કાલવાડ ગેટ બહાર, જામનગર, ગુજરાત–૩૬૧૦૦૧ ફોજદારી કાર્યવાહી ધારા ૧૯૭૩ ની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં દોષિત ઠરાવીને ૬ માસ (છ માસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપી : **રજનીકાંત ડી.પરમાર**નાઓને ફરિયાદીને વળતર પેટે કુલ રૂા.૭૦,૬૦૮/– (અંકે રૂપિયા સિત્તેર હજાર છસો આઠ પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી : **રજનીકાંત ડી.પરમાર**નાઓ વળતરની રકમ ન ચુકવી

આપે તો આ કામના આરોપી : **રજનીકાંત ડી.પરમાર**નાઓને વધુ બે (૨) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપી જેટલો સમય જયુડીશીયલ કસ્ટડીમાં અટકાયતમાં રહેલ હોય તેટલી સજા સી.આર.પી.સી કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી અન્ય કોઈ ગુન્હાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તો તે કસ્ટડી પુરી થયા બાદ હાલની સજાની અમલવારી કરવી.

(૫) આરોપીના જામીન તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે. આરોપીએ જો કોઈ રોકડ જામીનગીરીની રકમ જમા કરાવેલ હોય તો તે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. કાર્યવાહી માટે જરૂરી યાદી કરવી.

(૬) આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર ન હોય, ફરિયાદી તરફથી અરજી કરી, પ્રોસેસ ફી ભર્યેથી આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ ચુકાદાની એક નકલ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ અન્વયે આરોપી હાજર થયેથી વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૮ મી, માહે : ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૨/૨૦૨૬ (અશ્વિનકુમાર પરબતભાઈ ડેર)
સ્થળ : અમદાવાદ ૨૩ માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ (શહેર)
જજ કોડ : જી.જે.૦૦૯૯૯
કોર્ટ નંબર ૨૭.